વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

# પરિપત્ર

**સફળ ટેકનોલોજીની માહિતી પુરી પાડવા બાબત...**

જયભારત સહ જણાવવાનું કે, આપણી યુનિવર્સિટી હેઠળના કેન્દ્રો/વિભાગો દ્વારા અવાર નવાર વિવિધ વિસ્તરણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, આ કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં ભાગ લેતા ખેડૂતો સુધી સફળ ટેકનોલોજી (તાંત્રિકી)ની અત્યાધુનિક માહિતી પહોંચી શકે અને દક્ષિણ ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટીની વિજીબીલિટી વધે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, આગામી ડિસેમ્બર માસમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકો યોજાનાર હોઈ, તેઓના આગામી વર્ષના એકશન પ્લાનમાં સમાવિષ્ટ કરી શકાય તે માટે આપના કેન્દ્ર ખાતે તાજેતરમાં થયેલ સંશોધનો પૈકી ૨ થી ૩ ટેકનોલોજીઓ કે જે વધારે મહત્વની હોય અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના માધ્યમથી ખેડૂતો સુધી ઝડપથી પહોંચાડવા લાયક હોય તેવી ટેકનોલોજીની માહિતી અત્રેની કચેરી ખાતે મોકલવા વિનંતી છે. વિશેષમાં રાષ્ટ્રીય કક્ષાના અનુસંધાન કેન્દ્રો દ્વારા વિકસાવેલ અને આપના વિસ્તારમાં સફળ થયેલ ૨ થી ૩ ટેકનોલોજીની માહિતી પણ નીચેના પ્રફોર્મામાં **<u>તા.૦૨/૧૨/૨૦૨૦ સુધીમાં</u>** LMG Arun ફોન્ટ MS office word fileમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં e-mail : dee@nau.in પર મોકલી આપવા વિનંતી.

| અ. નં. | ટેકનોલોજી (તાંત્રિકી) | ભલામણની વિગત | ટેકનોલોજી બહાર પડયાનું વર્ષ | ટેકનોલોજી બહાર પાડનાર સંસ્થાની વિગત | અન્ય માહિતી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

ઉપરોકત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

(signature)
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૨૭/૨૦૨૦
નવસારી તા.૨૧/૧૧/૨૦૨૦

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા અમલ થવા સારું.